# સરદાર પટેલ યુનિવર્સિટી

નેક એક્રેડિએશન ગ્રેડ “એ” (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

## વિદ્યાર્થી માર્ગદર્શિકા

### ભાગ-૨

### એકેડેમિક વિભાગ

ફોન નં. ૦૨૬૯૨-૨૨૬૮૦૭/૮૯૭ ઇ-મેઇલ: academic_spu@spuvvn.edu વેબસાઇટ: www.spuvvn.edu

## પ્રવેશ પ્રક્રિયા

- ગુજરાત રાજય દ્વારા રાજયની ૧૪ પબ્લીક યુનિવર્સિટીમાં પ્રવેશ માટે ઓનલાઇન પોર્ટલ પર ફોર્મ ભરવાનું હોય છે.
- ત્યાર બાદ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓનું પ્રોવિઝિનલ મેરિટ બનાવવામાં આવે છે.
- પ્રોવિઝિનલ મેરિટ બાદ વિદ્યાર્થીઓનું ફાઇનલ મેરીટ બનાવી મેરીટ મુજબ જે વિભાગ/કોલેજમાં પ્રવેશ મેળવવા પાત્ર હોય તેનો ઓફર લેટર ઇશ્યુ કરવામાં આવે છે.
- વિદ્યાર્થી ઓફર લેટર સાથે વિભાગ/કોલેજમાં પ્રવેશ મેળવે છે.

❖ સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીનું સૌ પ્રથમ **Enrolment** કરવામાં આવે છે.

### સ્નાતક અભ્યાસક્રમો માટે Enrollmentની પ્રક્રિયા

૧. ગુજરાત રાજય બોર્ડના વિદ્યાર્થીઓએ Enrolmentની ફી રૂા. ૫૦/- જે કોલેજમાં પ્રવેશ મેળવેલ હોય ત્યાં ભરવાની હોય છે. (નિયત તારીખ બાદ દંડની રકમ રૂા. ૧૦૦/- છે.)

૨. અન્ય બોર્ડ (ગુજરાત રાજય સિવાયના) વિદ્યાર્થીઓએ PEC (Provisional Eligibility Certificate)ની ફી રૂા. ૫૦/- અને Enrolmentની ફી રૂા. ૫૦/- જે કોલેજમાં પ્રવેશ મેળવેલ હોય ત્યાં ભરવાની હોય છે. (નિયત તારીખ બાદ દંડની રકમ રૂા. ૧૦૦/- છે.)

3. કોલેજો દ્વારા યુનિવર્સિટી પોર્ટલ પરથી Enrolment Student અંગેની યાદી મેળવી યુનિવર્સિટીમાં જરૂરી ફી સાથે જમા કરાવવાની હોય છે.

❖ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીનું સૌ પ્રથમ **Registration** કરવામાં આવે છે.

### અનુસ્નાતક અભ્યાસક્રમો માટે Registration પ્રક્રિયા

૧. સરદાર પટેલ યુનિવર્સિટી(SPU Category)ના વિદ્યાર્થીઓ કે જેઓને યુનિવર્સિટીના વિભાગોમાં પ્રવેશ મળ્યો હોય તેઓનીRegistrationની ફી રૂા. ૫૦૦/- ટર્મ ફી સાથે લેવામાં આવે છે.

(જો વિદ્યાર્થી SPU Categoryનો હોય અને તેમનો પ્રવેશ સરદાર પટેલ યુનિવર્સિટીના વિભાગ/કોલેજમાં થાય તો તેવા વિદ્યાર્થીઓએ ટ્રાન્સફર સર્ટિફિકટ જમા કરાવવાનું હોય છે.)

૨. અન્ય યુનિવર્સિટી [OUG (Other University of Gujarat) and OTG (Other Than Gujarat) Category]ના વિદ્યાર્થીઓએ PEC (Provisional Eligibility Certificate)ની ફી રૂા. ૫૦/- અને Registrationની ફી રૂા. ૫૦૦/- ભરવાની હોય છે, અને પ્રવેશ મેળવ્યા બાદ ૧ મહિનામાં અસલ માઇગ્રેશન સર્ટિફિકેટ જે તે વિભાગ/કોલેજ ખાતે જમા કરાવવાનું હોય છે.

ફોન નં. ૦૨૬૯૨-૨૨૬૮૦૭/૮૬૭ ઇ-મેઇલ: academic_spu@spuvvn.edu વેબસાઇટ: www.spuvvn.edu


૩. યુનિવર્સિટીના પરિપત્ર મુજબ નિયત તારીખ બાદ માઇગ્રેશન સર્ટિફિકટ જમા કરાવવા માટે રૂા. ૧૦૦૦/- દંડ જમા કરાવવાની રહેશે.

૪. સંલગ્ન કોલેજો દ્વારા યુનિવર્સિટી પોર્ટલ પરથી Registration Student અંગેની યાદી મેળવી યુનિવર્સિટીમાં જરૂરી ફી સાથે જમા કરાવવાની હોય છે.

## Syllabus Download કરવા માટે

નીચે મુજબની યુનિવર્સિટીની વેબ સાઇટ પરથી મેળવી શકાશે.
https://www.spuvvn.edu/students_corner/syllabi/

## Migration Certificate મેળવવા માટે

૧. માઈગ્રેશન સર્ટિફિકેટ મેળવવા માટેનું ફોર્મ યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૮ માંથી મેળવવું.

૨. ફોર્મની વિગતો ભરી વિદ્યાર્થીએ છેલ્લે જ્યાં અભ્યાસ કર્યો હોય તે કોલેજ/વિભાગના આચાર્યશ્રી/વડાશ્રીના સહી સિકકા ફોર્મ પર લેવાના રહેશે અને જે તે કોલેજ માંથી (યુનિવર્સિટી સંચાલિત વિભાગો સિવાય) અસલ ટ્રાન્સફર સર્ટિફિકેટ મેળવવાનું રહેશે.

૩. ત્યારબાદ વિદ્યાર્થીએ ભરેલા ફોર્મની સાથે તમામ જરૂરી દસ્તાવેજોની નકલો જોડી યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માં ચકાસણી કરાવવાની રહેશે.

૪. યુનિવર્સિટીની માઇગ્રેશન ફી રૂા. ૧૦૦/- યુનિવર્સિટીના હિસાબ વિભાગ રૂમ નં. ૧૦૫ માં ભરવાની રહેશે. (યુનિવર્સિટી વિભાગો તથા એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના વિદ્યાર્થીઓએ ટ્રાન્સફર સર્ટિફિકેટની ફી રૂા. ૨૦/- ભરવાના રહેશે)

૫. હિસાબ વિભાગની ફી રસીદ સાથે ફોર્મ વિદ્યાર્થીએ યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માં જમા કરાવવું.

૬. ફોર્મ જમા કરાવ્યા બાદ માઇગ્રેશન વિદ્યાર્થીને ટપાલ દ્વારા દિન-૭ પછી મોકલવામાં આવશે.

**જરૂરી દસ્તાવેજો :**
- અસલ ટ્રાન્સફર સર્ટિફિકેટ (યુનિવર્સિટી સંલગ્ન કોલેજ માંથી મેળવેલ)
- તમામ માર્કશીટની ઝેરોક્ષ
- જે અન્ય યુનિવર્સિટીની કોલેજ માંથી પ્રવેશ મેળવ્યો હોય તેની ફી રસીદ, બોનાફાઇડ/એડમીશન લેટર/PEC

## Transfer Certificate
(જે વિદ્યાર્થીએ સ્નાતક અભ્યાસક્રમ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજમાંથી કર્યુ હોય અને યુનિવર્સિટી સંચાલીત અનુસ્નાતક વિભાગોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યો હોય)

૧. ટ્રાન્સફર સર્ટિફિકેટ મેળવવા માટેનું ફોર્મ યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૮ માંથી મેળવવું

૨. ફોર્મની વિગતો ભરી જરૂરી દસ્તાવેજો સહિત વિદ્યાર્થીએ યુનિવર્સિટીના રૂમ નં. ૧૧૭ માં ચકાસણી કરાવી, સહી સિકકા કરાવવા.

ફોન નં. ૦૨૬૯૨-૨૨૬૮૦૭/૮૯૭ ઇ-મેઇલ: academic_spu@spuvvn.edu વેબસાઇટ: www.spuvvn.edu

૩. સંલગ્ન કોલેજમાં ટ્રાન્સફર સર્ટિફિકેટની જરૂરી ફી ભરી જે તે કોલેજમાંથી ટ્રાન્સફર સર્ટિફિકેટ મેળવવું.

૪. અસલ ટ્રાન્સફર સર્ટિફિકેટ યુનિવર્સિટી વિભાગમાં જ્યાં પ્રવેશ મેળવ્યો હોય ત્યાં જમા કરાવવું.

જરૂરી દસ્તાવેજો :
- તમામ માર્કશીટની ઝેરોક્ષ
- ભરેલ ફી રસીદની નકલ

## Transfer Certificate

(જે વિદ્યાર્થીએ છેલ્લો અભ્યાસ યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાં કર્યો અને
નવો પ્રવેશ યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં મેળવ્યો હોય)

૧. ટ્રાન્સફર સર્ટિફિકેટ મેળવવા માટેનું ફોર્મ જે કોલેજમાં પ્રવેશ મેળવ્યો હોય તે કોલેજમાંથી મેળવવું.

૨. ફોર્મની વિગતો ભરી જરૂરી દસ્તાવેજો સહિત વિદ્યાર્થીએ યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માં ફોર્મની ચકાસણી કરાવવી.

૩. રૂા. ૨૦/- યુનિવર્સિટીના હિસાબ વિભાગ રૂમ નં. ૧૦૫ માં ભરી ફીની રસીદ સાથે ફોર્મ યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માં જમા કરાવવું.

૪. એકેડેમિક વિભાગના રૂમ નં. ૧૦૧ માંથી ટ્રાન્સફર સર્ટિફિકેટ મેળવવું.

૫. અસલ ટ્રાન્સફર સર્ટિફિકેટ યુનિવર્સિટી સંલગ્ન જે કોલેજમાં પ્રવેશ મેળવ્યો હોય ત્યાં જમા કરાવવું.

જરૂરી દસ્તાવેજો :
- તમામ માર્કશીટની ઝેરોક્ષ
- ભરેલ ફી રસીદની નકલ

## Transcript મેળવવા માટે

(જે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાં અનુસ્નાતક/પીએચ.ડી. અભ્યાસ કર્યો હોય)

૧. ફોર્મ યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માંથી મેળવવું.

૨. ફોર્મની વિગતો ભરી જે તે વિભાગના વડાશ્રીના સહી સિક્કા કરાવી જરૂરી દસ્તાવેજો સહિત વિદ્યાર્થીએ યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માં ચકાસણી કરાવવી.

૩. જરૂરી ફી યુનિવર્સિટીના હિસાબ વિભાગ રૂમ નં. ૧૦૫ માં ભરી ફીની રસીદ સાથે ફોર્મ રૂમ નં. ૧૦૧ માં જમા કરાવવું.

૪. બે અઠવાડિયા બાદ એકેડેમિક વિભાગ રૂમ નં. ૧૦૧ માંથી Transcript મેળવવી.

જરૂરી દસ્તાવેજો :
- તમામ માર્કશીટની ઝેરોક્ષ
- ડિગ્રી સર્ટિફિકેટની નકલ

Transcriptની ફી :
રૂા. ૩૦૦/- ચાર કોપી માટે
રૂા. ૧૦૦/- એક્સ્ટ્રા કોપી માટે
રૂા. ૨૫/- સિલ કવર માટે

ફોન નં. ૦૨૬૯૨-૨૨૬૮૦૭/૮૯૭ ઇ-મેઇલ: academic_spu@spuvvn.edu વેબસાઇટ: www.spuvvn.edu


## MOI (Medium of Instruction) Certificate મેળવવા માટે

### (સ્નાતક (UG) વિદ્યાર્થીઓ માટે)

૧. વિદ્યાર્થીએ જે તે કોલેજમાંથી MOI મેળવવું.

૨. ફોર્મ યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માંથી મેળવવું.

૩. ફોર્મની વિગતો ભરી કોલેજમાંથી મેળવેલ અસલ MOI સાથે યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માં ચકાસણી કરાવવી.

૪. જરૂરી ફી યુનિવર્સિટીના હિસાબ વિભાગ રૂમ નં. ૧૦૫ માં ભરી ફીની રસીદ સાથે ફોર્મ યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માં જમા કરાવવું.

૫. એક અઠવાડિયા બાદ એકેડેમિક વિભાગના રૂમ નં. ૧૦૧ માંથી MOI સર્ટિફિકેટ મેળવવું.

**જરૂરી દસ્તાવેજો :**
- તમામ માર્કશીટની ઝેરોક્ષ
- કોલેજમાંથી મેળવેલ અસલ MOI

**MOIની ફી :**
રૂા. ૫૦/- બે કોપી માટે

### (અનુસ્નાતક (PG) વિદ્યાર્થીઓ માટે)

૧. ફોર્મ યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માંથી મેળવવું.

૨. ફોર્મની વિગતો ભરી યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માં ચકાસણી કરાવવી.

૩. જરૂરી ફી યુનિવર્સિટીના હિસાબ વિભાગ રૂમ નં. ૧૦૫ માં ભરી ફીની રસીદ સાથે ફોર્મ યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માં જમા કરાવવું.

૪. એક અઠવાડિયા બાદ એકેડેમિક વિભાગના રૂમ નં. ૧૦૧ માંથી MOI સર્ટિફિકેટ મેળવવું.

**જરૂરી દસ્તાવેજો :**
- તમામ માર્કશીટની ઝેરોક્ષ

**MOIની ફી :**
રૂા. ૫૦/- બે કોપી માટે

## Syllabus Seal Cover માં મેળવવા માટે

૧. વિદ્યાર્થી જે અભ્યાસક્રમનો **Syllabus** મેળવવા માંગતા હોય તે અભ્યાસક્રમનો **Syllabus** યુનિવર્સિટી વેબસાઇટ પરથી ડાઉનલોડ કરવો.
https://www.spuvvn.edu/students_corner/syllabi/

૨. જો અભ્યાસક્રમનો **Syllabus** યુનિવર્સિટી વેબસાઇટ પર ઉપલબ્ધ ન હોય તો વિદ્યાર્થીએ જ્યાં અભ્યાસ કરેલ હોય તે કોલેજનો સંપર્ક કરી **Syllabus** મેળવવો.

૩. **Syllabus** ના તમામ પેઇજની પ્રિન્ટ કાઢવી.

૪. **Syllabus** ના તમામ પેઇજ પર સંલગ્ન કોલેજ/વિભાગના આચાર્યશ્રી/વડાશ્રીના સહી સિક્કા કરાવવા.

૫. વિદ્યાર્થીએ ફોર્મ યુનિવર્સિટીના રૂમ નં. ૧૧૭ માંથી મેળવી તમામ વિગતો ભરી ફોર્મની સાથે ઉપરોક્ત સહી સિક્કા વાળો Syllabus યુનિવર્સિટીમાં રજૂ કરવો.

૬. જરૂરી ફી યુનિવર્સિટીના હિસાબ વિભાગ રૂમ નં. ૧૦૫ માં ભરી ફીની રસીદ સાથે અરજી યુનિવર્સિટીના રૂમ નં. ૧૧૭ માં જમા કરાવવી.

૭. એક અઠવાડિયા બાદ એકેડેમિક વિભાગ રૂમ નં. ૧૧૭ માંથી Syllabus Seal Cover સાથે મેળવવું.

| જરૂરી દસ્તાવેજો : | જરૂરી ફી : |
|---|---|
| - સહી સિક્કા વાળો Syllabus | રૂા. ૨૫/- પ્રતિ કવર |
| - તમામ માર્કશીટની ઝેરોક્ષ | |

## Bonafide Certificate મેળવવા માટે

### (યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે)

વિદ્યાર્થી જે કોલેજમાં અભ્યાસ કરતાં હોય અથવા જ્યાં અભ્યાસ કર્યો હોય તે કોલેજમાંથી બોનાફાઇડ સર્ટિફિકેટ મેળવવાનું રહેશે.

### (ફક્ત યુનિવર્સિટીના વિભાગોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે)

૧. વિદ્યાર્થીને જ્યારે બોનાફાઇડની જરૂર પડે ત્યારે વિદ્યાર્થી જ્યાં અભ્યાસ કરતાં હોય અથવા જ્યાં અભ્યાસ કર્યો હોય તે વિભાગમાં અરજી આપવાની રહેશે.

૨. યુનિવર્સિટીએ નક્કી કરેલ ફી યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૫ માં ભરવી.

૩. ફીની રસીદ સાથે અરજી પરત જે તે વિભાગમાં રજૂ કરવી અને વિભાગમાંથી બોનાફાઇડ સર્ટિફિકેટ મેળવવું.

| જરૂરી દસ્તાવેજો : | જરૂરી ફી : |
|---|---|
| - તમામ માર્કશીટની ઝેરોક્ષ | રૂા. ૫૦/- |

## Caution Money Refund મેળવવા માટે

### (ફક્ત યુનિવર્સિટીના વિભાગોમાં અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ માટે)

૧. ફોર્મ યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માંથી મેળવવું.

૨. ફોર્મની વિગતો ભરી જે તે વિભાગના વડાશ્રીના સહી સિક્કા કરાવી અસલ ફી રસીદની સાથે વિદ્યાર્થીએ યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માં જમા કરાવવું.

૩. વિદ્યાર્થીએ ફોર્મ જમા કરાવ્યાના એક દિવસ બાદ એકેડેમિક વિભાગનો સંપર્ક કરી નાણાં યુનિવર્સિટીના હિસાબ વિભાગ રૂમ નં. ૧૦૫ માંથી મેળવવા.

જરૂરી દસ્તાવેજો :

- તમામ માર્કશીટની ઝેરોક્ષ
- અસલ ફીની રસીદ

ફોન નં. ૦૨૬૯૨-૨૨૬૮૦૭/૮૯૭ ઇ-મેઇલ: academic_spu@spuvvn.edu વેબસાઇટ: www.spuvvn.edu


## Library Deposit Refund મેળવવા માટે

(ફક્ત યુનિવર્સિટીના વિભાગોમાં અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ માટે)

૧. ફોર્મ યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માંથી મેળવવું.

૨. ફોર્મની વિગતો ભરી યુનિવર્સિટી લાયબ્રેરીના વડાશ્રીના સહી સિક્કા કરાવી યુનિવર્સિટીના રૂમ નં. ૧૦૧ માં જમા કરાવવું.

૩. વિદ્યાર્થીએ ફોર્મ જમા કરાવ્યાના એક દિવસ બાદ એકેડેમિક વિભાગનો સંપર્ક કરી નાણાં યુનિવર્સિટીના હિસાબ વિભાગ રૂમ નં. ૧૦૫ માંથી મેળવવા.

**જરૂરી દસ્તાવેજો :** - તમામ માર્કશીટની ઝેરોક્ષ - અસલ ફીની રસીદ

## યુનિવર્સિટીની હોસ્ટેલોમાં પ્રવેશ મેળવવા માટે

(ફક્ત યુનિવર્સિટીના વિભાગો માટે)

(યુનિવર્સિટીના વિભાગોના વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં પ્રવેશ આપ્યા બાદ હોસ્ટેલમાં જગ્યા ખાલી રહેશે તેવા સંજોગોમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે)

૧. વિદ્યાર્થીએ વિભાગમાં પ્રવેશ મેળવ્યા બાદ જરૂરી એડમીશનની ફી ભરવાની રહેશે.

૨. વિદ્યાર્થી યુનિવર્સિટીની જે હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તે હોસ્ટેલના રેકટરશ્રીનો સંપર્ક કરવો. https://www.spuvvn.edu/students_corner/hostel-details/

૩. ફોર્મ યુનિવર્સિટીના સ્ટોર વિભાગ રૂમ નં. ૧૦૮ માંથી મેળવી, ફોર્મની વિગતો ભરી રેકટરશ્રી દ્વારા ફી ભરવા સુચવવામાં આવે તે યુનિવર્સિટીના હિસાબ વિભાગાં રૂમ નં. ૧૦૫ માં ભરવી.

૪. ફી ભરી ફીની રસીદ અને ફોર્મ જે તે હોસ્ટેલમાં જમા કરાવવું.

જરૂરી દસ્તાવેજો :
- તમામ માર્કશીટની ઝેરોક્ષ - વિભાગમાં ભરેલ ફી રસીદની ઝેરોક્ષ

## રેલ્વે પાસ મેળવવા માટે

(ફક્ત યુનિવર્સિટી વિભાગોના વિદ્યાર્થીઓ માટે)

૧. વિદ્યાર્થીએ યુનિવર્સિટીના રૂમ નં. ૧૧૭ માંથી ફોર્મ મેળવવું.

૨. ફોર્મની તમામ વિગતો ભરી વિભાગના વડાશ્રીના સહી સિક્કા કરાવવા.

૩. ફોર્મની સાથે આધાર કાર્ડ અને ફી રસીદની નકલ સાથે યુનિવર્સિટીના રૂમ નં. ૧૧૭ માં જમા કરાવવું.

૪. એક દિવસ બાદ રેલ્વે પાસનું યુનિવર્સિટીના સહી સિક્કા વાળું ફોર્મ યુનિવર્સિટીના રૂમ નં. ૧૧૭ માંથી મેળવવું.

૫. યુનિવર્સિટીના સહી સિક્કા વાળું ફોર્મ મેળવ્યા બાદ વિદ્યાર્થીએ ૨-દિવસમાં વલ્લભ વિદ્યાનગર રેલ્વે સ્ટેશનનો સંપર્ક કરી રેલ્વે પાસ ફરજિયાત કઢાવવાનો રહેશે.

**જરૂરી દસ્તાવેજો :** - આધાર કાર્ડ - વિભાગમાં ભરેલ ફી રસીદની ઝેરોક્ષ

ફોન નં. ૦૨૬૯૨-૨૨૬૮૦૭/૮૬૭ ઇ-મેઇલ: academic_spu@spuvvn.edu વેબસાઇટ: www.spuvvn.edu


## ખાસ નોંધ

**ઉપરોક્ત તમામ માહિતી ફક્ત ટૂંક માહિતી/સમજ અર્થે રજુ કરેલ છે તથા તે બદલાવને આધીન છે. વિસ્તૃત માહિતી માટે સરદાર પટેલ યુનિવર્સિટી વેબસાઇટ https://www.spuvvn.edu/ ધ્યાને લેવી.**

## Important Links

| | |
|---|---|
| **University website** | **https://www.spuvvn.edu/** |
| **Student Corner** | **https://www.spuvvn.edu/students_corner/** |

**********